## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૪ /કવા-04 /૧૫.-૧૬/ 4024 તા. 22/04/16

**રજી. એ.ડી. પત્ર**

જયેશભાઈ રાઘવભાઈ લાખાણી,
ભગવાંજીભાઈ ગંગભાઈ લાખાણી,
ગામ :- વાડોદર
તા. ધોરાજી
મો: ૯૭૨૫૧૦૮૬૭૯

### વિષય :–વિજ બીલીંગ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮ –૦૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૬૪ /કવા-04 /૧૫.-૧૬)

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 04)

.......................................................................................................

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ધોરાજી**
**(૩) નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ,ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ધોરાજી**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૬૪/કવા–૦૪/૧૫–૧૬ | કમિટિ મીટીગ તા.૧૯–૦૪–૧૬ | સ્થળ :રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) વાદી :**

અરજદાર (ફરીયાદી) : નામ: જયેશભાઈ રાઘવભાઈ લાખાણી, જીલ્લો:રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી જયેશભાઈ રાઘવભાઈ લાખાણી હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પ્રતિવાદી :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ધોરાજી(કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ધોરાજી)

રજુઆત કરનાર :યુ.વી.પટેલ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ધોરાજી

## : હુકમ :

ફરીયાદ : વીજબીલીંગ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) વાદી : અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેમના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૩૬૨૬/૦૦૪૨૮/૭ ના મકાન ની ક્ષમતા અને વપરાશી વીજભાર પ્રમાણે, તેઓને છેલ્લા ૧૦ વર્ષ થી રૂ.૩૦૦૦/– થી ૩૫૦૦/– ની રકમ ના બીલો ની વીજવપરાશ સ્થપાયેલ છે. પરંતુ, તેઓને હાલ જે બીલો અપાયેલ છે તે માહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૪૦ નુ બીલ, જે તા.૦૩–૦૯–૧૫ ના રોજ મળતા, આ બીલ અત્યંત ઉચી વીજવપરાશ નુ જણાતા, અરજદારે તા.૦૩–૦૯–૧૫ ના રોજ લેખીત અરજી આપી અને આ મીટર ને બદલાવી અને ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી કરવા વિનંતી કરેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તેઓના ઘરવપરાશ વીજજોડાણ નુ, સવાલવાળુ મીટર તા.૧૪–૦૯–૧૫ ના રોજ બદલાવી અને તા.૨૪–૦૯–૧૫ ના રોજ લેબોરેટરી ચકાસણી મા યોગ્ય જાહેર કરેલ હતુ. |
| **૧.૨** | આ સમયે તા.૧૪–૦૯–૧૫ ના રોજ અરજદાર ના સ્થાપન પર નવુ મીટર મુકવામા આવેલ હતુ. આ મીટર લગાડયા પછી પણ તેઓને માહે સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩ /૧૧ નુ બીલ, જે તા.૨૯–૧૦–૧૫ ના રોજ આપવામા આવેલ હતુ. આ બીલ અત્યંત ઉચી વીજવપરાશ નુ જણાતા, અરજદારે ફરી વખત પીજીવીસીએલ મા લેખીત અરજી આપી અને આ મીટર ને બદલાવી અને ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી કરવા વિનંતી કરેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી તેઓના ઘરવપરાશ વીજજોડાણ નુ, આ તા.૩૧–૧૦–૧૫ ના રોજ, સવાલવાળુ મીટર બદલાવી અને તા.૨૬–૧૧–૧૫ ના રોજ લેબોરેટરી ચકાસણી મા યોગ્ય જાહેર કરેલ હતુ. |
| **૧.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં.૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે ના, પીજીવીસીએલ તરફથી તેઓના જોડાણ મા અપાયેલ સદર ૦૨ વીજબીલો અત્યંત ઉચ્ચ રકમ ના અને ગેરવ્યાજબી હોવાનુ અરજદાર નુ સ્પષ્ટ માનવુ હોય, જે મુજબ, તેમના મીટર મા કોઈ અચોકકસ પ્રકાર ની તાંત્રીક ખામીના કારણોસર ના જ, સદર ૦૨ વીજબીલો જે ઉચ્ચતમ વીજવપરાશી યુનીટ મુજબ ના હોય, તેઓના જોડાણ મા અગાઉ સ્થપાયેલ સરેરાશ બીલીંગ વીજવપરાશી યુનીટ નો ઈતીહાસ, તેમજ તેમના જોડાણ મા તા.૩૧–૧૦–૧૫ પછી લગાડવામા આવેલ નવા મીટર મા સ્થપાયેલ પ્રતિમાસ બીલીંગ સરેરાશ, તેમજ જોડાણ મા જોડાયેલ વીજભાર, અને મીટર ની તમામ પ્રકાર ની ગુણવતા યુકત તાંત્રીક ચકાસણી ની તમામ બાબતો ને આવરી લઈ ને, સદર ૦૨ બીલો ને, ન્યાયિક રીતે મુલવવા માટે,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

## મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પ્રતિવાદી : પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૩૬૨૬/૦૦૪૨૮/૭ મા, પીજીવીસીએલ તરફથી તા.૦૩–૦૯–૧૫ ના રોજ માહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૩૯ નુ વીજબીલ મળતા, સદર બીલ સામે વાંધો ઉઠાવી અને અરજદારે તા.૦૩–૦૯–૧૫ ના રોજ લેખીત અરજી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, તા.૧૪–૦૯–૧૫ ના રોજ, પર્ફોમા –૧૫ નંબરઃ આરસીસીઃ ૨૧૦૩૫૨ થી અરજદાર ના જોડાણ પરનુ સવાલવાળુ એલએન્ડજી કંપની નુ મીટર નંબરઃ ૦૩૬૧૭૭૮૦, જે છેલ્લા રીડીગ ૨૧૫૧૨.૬ થી બદલાવી અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ નો વીજભાર : ૦.૩૬૦ કીવો (પંખા : ૦૨ × ૬૦=૧૨૦ વોટ, ટીવી : ૦૧×૧૦૦ =૧૦૦ વોટ, સીએફએલ લેમ્પઃ ૦૭ × ૨૦=૧૪૦ વોટ) હતો. આ સમયે, તા.૧૪–૦૯–૧૫ ના રોજ, સ્થાપન પર નવુ એચ.પી.એલકંપની નુ મીટર નંબર : પીજીએસટી ૦૨૬૮૯૭૮૧, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. અરજદાર ના સ્થાપન પર ના, તા.૧૪–૦૯–૧૫ ના રોજ, પેપર પેક થયેલ સવાલવાળા એલએન્ડજી કંપની નુ મીટર નંબરઃ ૦૩૬૧૭૭૮૦, ને તા.૨૪–૦૯–૧૫ ના રોજ, પીજીવીસીએલ ની લેબોરેટરી મા '' ટેસ્ટ બેન્ચ પર ચડાવી '' ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૨૧૫૧૨.૬ નોંધાયેલ હતા. આ મીટર એનેલોગ (મીકેનીક ટાઈપ) પ્રકાર નુ હોય, જેનો એમ.આર.આઈ. અહેવાલ મેળવી શકાયેલ નથી, લેબ ડેટા પેરામીટર તેમજ લોડ ટેસ્ટ પણ લઈ શકાયેલ નથી. જેથી, લેબોરેટરી મા '' ટેસ્ટ બેન્ચ પર ચડાવી '' અને મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતુ. આમ, મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, આ મીટર ના સમયગાળા નુ, અરજદાર ને અપાયેલ માહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૩૯ નુ તા.૦૩–૦૯–૧૫ ના રોજ નુ વીજબીલ, જે તેમના જોડાણ મા થયેલ વીજભાર વપરાશી યુનીટ મુજબ નુ હોય યોગ્ય છે. |
| **૨.૨** | ત્યારબાદ, અગાઉ તા.૧૪–૦૯–૧૫ ના રોજ, પર્ફોમા –૧૫ નંબરઃ આરસીસીઃ ૨૧૦૩૫૨ થી, અરજદાર ના સ્થાપન પર, નવા લગાડવામા આવેલ એચ.પી.એલકંપની ના મીટર નંબર : પીજીએસટી ૦૨૬૮૯૭૮૧,ના સમયગાળા મા સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩/૧૧ નુ, બીલ, જે તા.૨૯–૧૦–૧૫ ના રોજ, અરજદાર ને આપવામા આવતા, અરજદાર ને સદર વીજબીલ પણ અત્યંત ઉચ્ચ વીજવપરાશી યુનીટ ના અપાયેલ હોવાની બાબત રહેવાના કારણોસર, અરજદારની ફાસ્ટ મીટર ની રજુઆત ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી ફરી એક વખત સદર એચ.પી.એલકંપની ના મીટર નંબર : પીજીએસટી ૦૨૬૮૯૭૮૧ ને, પર્ફોમા –૧૫ નંબરઃ ૦૪૪૯૫૧, તા.૩૧–૧૦–૧૫ થી ઉતારી અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે, એટલેકે તા.૩૧–૧૦–૧૫ ના રોજ, સદર મીટર મા ૯૯૬ યુનીટ નોંધાયેલ હતા. અને જોડાણ નો વીજભાર ૦.૬૨૭ કીવો નોંધાયેલ હતો. આ મીટર ને પણ તા.૨૬–૧૧–૧૫ ના રોજ, પીજીવીસીએલ ની ની લેબોરેટરી મા '' ટેસ્ટ બેન્ચ પર ચડાવી '' ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ, ૧૦૦૪ નોંધાયેલ હતા. આ સમયે, લેબોરેટરી ચકાસણી દરમ્યાન આ મીટર નો એમ.આર.આઈ. અહેવાલ પણ લેવાયેલ હતો. જેમા, અરજદાર ના આ જોડાણ મા ૦૩.૨૬ કીવો વીજભાર વીજવપરાશી થયેલ હોવાની બાબત જણાયેલ હતી. તેમજ, આ મુજબ ના, એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ, મીટર મા નોંધાયેલ વીજભાર ના કારણોસર મીટર મા વધુ યુનીટ નોંધાયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. આમ, આ '' ઈલેકટ્રોનીક'' મીટર મા કોઈ તાંત્રીક ક્ષતિ કે અનિયમીતતા જણાયેલ નથી. |
| **૨.૩** | ફોરમ કમિટી ની પ્રથમ સુનવણી તારીખ :૧૬–૦૩–૧૬ ના રોજ ની મીટીંગ મા ફોરમ કમિટી તરફથી મળેલ સુચના મુજબ, ઉપરોકત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે અગાઉ તા.૨૬–૧૧–૧૫ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ, અને હાલ '' રીપેક થયેલ '' સવાલવાળા સદર, એચ.પી.એલકંપની ના – ઈલેકટ્રોનીક મીટર નંબર : પીજીએસટી ૦૨૬૮૯૭૮૧ મીટર ને ફરી એક વખત તા.૨૮–૦૪–૧૬ ના રોજ, પીજીવીસીએલ ની ધોરાજી ખાતે ની લેબોરેટરી મા, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, '' લોડ ટેસ્ટ'' લેવામા આવેલ હતો લોડ ટેસ્ટ દરમ્યાન આ મીટર પણ તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આમ, આ '' એચ.પી.એલ. કંપની નુ ઈલેકટ્રોનીક મીટર '' દરેક પ્રકાર ની તાંત્રીક ચકાસણી દરમ્યાન યોગ્ય જાહેર કરાયેલ હતુ. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, અને એમ.આર.આઈ. અહેવાલ મા, વીજવપરાશી વીજભાર પણ, ૦૩.૨૬ કીવો મુજબ નો, નોંધાયેલ હોય, તે વીજભાર અન્વયે ના વીજવપરાશી યુનીટ પણ જોડાણ મા થયેલ વીજવપરાશી યુનીટ મુજબ ના જ છે. આમ, આ મીટર પણ તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, આ મીટર ના સમયગાળા નુ, અરજદાર ને અપાયેલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩ /૧૧ નુ બીલ, જે તા.૨૯–૧૦–૧૫ ના રોજ આપવામા આવેલ વીજબીલ પણ, જે તેમના જોડાણ મા થયેલ વીજભાર વપરાશી યુનીટ મુજબ નુ હોય યોગ્ય છે. |
| **૨.૪** | હાલ ના તબ્બકે, અરજદાર ના સ્થાપન પર જે, તા.૩૧–૧૦–૧૫ ના રોજ નવુ મીટર લગાડવામા આવેલ છે. તે મીટર મા, તા.૩૧–૧૦–૧૫ થી, તા.૦૯–૦૧–૧૬ સુધી ના ૭૦ દિવસ દરમ્યાન ૨૨૦ યુનીટ નોંધાયેલ છે. જે, પ્રતિદીન (૨૨૦ ÷ ૭૦ = ૩.૧૪ ) ૩.૧૪ ની સરેરાશ સ્થાપીત થયેલ છે. |

મુદદા નં.–૩ :

## : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર શ્રી ની સવાલવાળી, મુદદા નં. ૧.૧ થી મુદદા નં.૧.૨ મુજબ ની વિગતે ની, અરજીઓ મા, તેઓના ઘરવપરાશ વીજજોડાણ મા (૧) માહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૪૦ નુ બીલ,(૨) સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩/૧૧ નુ, બીલ – એમ કુલ ૦૨ વીજબીલો, જે અરજદાર ને ઉચ્ચતમ વીજવપરાશી યુનીટ ના જણાતા, અરજદાર ની આ બાબતે ની,લેખીત ફરીયાદ અરજીઓ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના જોડાણ ના, સદર ૦૨ બીલીગ સમયગાળા ના, કુલ ૦૨ મીટરો, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની હાજરી અને જાણકારી હેઠળ બદલાવી, અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતા. સવાલવાળા બન્ને વીજબીલો ના સમયગાળા ના – બન્ને મીટરો, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, લેવાયેલ '' ડાયલ ટેસ્ટ '' ''લોડ ટેસ્ટ '' અને '' એમ.આર.આઈ. '' મુજબ તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતા. ખાસ કરીને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૧ મુજબ નુ મીટર, જે, એનેલોગ (મીકેનીક ટાઈપ) પ્રકાર નુ હોય, જેની તા. ૨૪–૦૯–૧૫ ના રોજ લેબોરેટરી ચકાસણી '' ડાયલ ટેસ્ટ હેઠળ '' થયેલ હતી. આ ''ડાયલ ટેસ્ટ '' દરમ્યાન મીટર યોગ્ય ફરતુ હોવાની બાબત જણાયેલ હતી. આમ, આ મીટર ડાયલ ટેસ્ટ દરમ્યાન યોગ્ય ફરતુ જણાયેલ હોય, જેથી તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોધાયેલ યુનીટ પણ જોડાણ મા થયેલ વીજવપરાશ અન્વયે ના જ હોય, જે મુજબ આ મીટર ના સમયગાળા મા અરજદાર ને અપાયેલમાહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૪૦ નુ બીલ, યોગ્ય અને વ્યાજબી છે. આ મીટર એનેલોગ (મીકેનીક ટાઈપ) પ્રકાર નુ હોય, જેનો એમ.આર.આઈ. અહેવાલ મેળવી શકાયેલ ન હતો. તેમજ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન લેબ ડેટા પેરામીટર તેમજ લોડ ટેસ્ટ પણ લઈ શકાયેલ નથી. તેમા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતો પ્રમાણે નુ, અરજદાર ના સ્થાપન પર નુ બીજુ મીટર, જે ઈલેકટ્રોનીક પ્રકાર નુ હોય, તેની લેબોરેટરી ચકાસણી, અરજદાર શ્રી ની હાજરી અને જાણકારી હેઠળ થયેલ છે. આ મીટર ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ને, '' ટેસ્ટ બેન્ચ પર ચડાવી ડાયલ ટેસ્ટ '' તેમજ '' લોડ ટેસ્ટ હેઠળ '' ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. તદ ઉપરાંત, લેબોરેટરી ચકાસણી દરમ્યાન આ મીટર નો એમ.આર.આઈ. અહેવાલ પણ લેવાયેલ હતો. જેમા, અરજદાર ના આ જોડાણ મા ૦૩.૨૬ કીવો વીજભાર વીજવપરાશી થયેલ હોવાની બાબત જણાયેલ હતી. આમ, એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ વિગત મુજબ, મીટર મા નોંધાયેલ યુનીટ પણ, એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ ૦૩.૨૬ ના વીજવપરાશી એવા વીજભાર ના કારણોસર જ, સદર મીટર મા વધુ યુનીટ નોંધાયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. આમ, આ '' ઈલેકટ્રોનીક'' મીટર મા કોઈ તાંત્રીક ક્ષતિ કે અનિયમીતતા જણાયેલ નથી. આમ, આ મીટર ના સમયગાળા મા, અરજદાર ને અપાયેલ, માહે સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩/૧૧ નુ બીલ પણ, તેમના જોડાણ મા થયેલ ખરેખર વીજભાર વીજવપરાશી યુનીટ મુજબ નુ જ હોય, યોગ્ય છે. આમ, અરજદાર ને અપાયેલ સવાલવાળા બન્ને વીજબીલો, જે તાંત્રીક રીતે યોગ્ય એવા મીટરો મા નોધાયેલ યુનીટ મુજબ ના જ હોય, યોગ્ય હોવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ના ઘરવપરાશ વીજજોડાણ નં.૩૩૬૨૬/૦૦૪૨૮/૭ મા, પીજીવીસીએલ તરફથી, જે સવાલવાળા ૦૨ વીજબીલો, એટલેકે (૧) (૧) માહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૪૦ નુ બીલ તેમજ (૨) સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩/૧૧ નુ, બીલ – એમ કુલ ૦૨ વીજબીલો – જે મીટરો ના સમયગાળા ના – સદર બન્ને વીજબીલો અપાયેલ છે, તે સવાલવાળા ૦૨ વીજબીલો ના સમયગાળા ના, બન્ને મીટરો, લેબોરેટરી ચકાસણી દરમ્યાન લેવાયેલ '' ડાયલ ટેસ્ટ, લોડ ટેસ્ટ, અને એમ.આર.આઈ. અહેવાલ'' દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. આમ, સવાલવાળા વીજબીલો ના સમયગાળા ના, સદર બન્ને મીટરો, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા જોડાયેલ વીજભાર અન્વયે થતા વીજવપરાશ આનુષાંગીક જ છે. એ મુજબ, અરજદાર શ્રી ને અપાયેલ, સવાલવાળા ૦૨ વીજબીલો, એટલેકે (૧) (૧) માહે જુલાઈ–ઓગષ્ટ –૧૫ નુ ૨૮૬૮ યુનીટ નુ, રૂ.૧૯,૦૫૯/૪૦ નુ બીલ તેમજ (૨) સપ્ટેમ્બર–ઓકટોબર –૧૫ નુ ૧૪૫૮ યુનીટ નુ રૂ.૯,૩૩૩/૧૧ નુ, બીલ – એમ કુલ ૦૨ વીજબીલો, યોગ્ય હોવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ હુકમ ની બન્ને પક્ષકારો ને આ સાથે જાણકારી આપવામા આવે છે. |

( કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..